Navgujarat Samay
Dt. 16/11/2026, Pg. 2

સંકુલમાં વર્કશોપ, કર્મચારી આવાસ અને નિયંત્રણ કેન્દ્ર સહિતની સુવિધાઓ હશે

અમદાવાદના શેલામાં મેટ્રોનું નવું મલ્ટિપર્પઝ ડેપો સંકુલ તૈયાર થશે

- **મેટ્રોનું માત્ર પાર્કિંગ નહીં, જાળવણી અને વહીવટનું પણ કેન્દ્ર શેલા બનશે, વીજળી, એર કન્ડિશન, અગ્નિસુરક્ષા અને અન્ય આવશ્યક વ્યવસ્થાઓનો સમાવેશ કરાશે**



મુનવ્વર પતંગવાલા > ગાંધીનગર

અમદાવાદ મેટ્રોના વિસ્તરતા નેટવર્કને ભવિષ્યમાં વધુ સુવ્યવસ્થિત રીતે સંચાલિત કરી શકાય તે માટે ગ્યાસપૂર બાદ હવે શેલા નજીક એક નવા ડેપો સંકુલના વિકાસની દિશામાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ માત્ર મેટ્રો ટ્રેનોના સંગ્રહ કે પાર્કિંગ પૂરતો મર્યાદિત નથી પરંતુ ટ્રેનોની જાળવણી, ટેકનિકલ કામગીરી, વહીવટી સંચાલન અને કર્મચારીઓની સુવિધાઓને એક જ સંકુલમાં વિકસાવવાની વ્યાપક યોજના ધરાવે છે. આ પ્રોજેક્ટનો સૌથી મહત્ત્વનો નિર્ણય એ છે કે, મેટ્રોના સંચાલન માટે જરૂરી વિવિધ માળખાકીય સુવિધાઓનું એકીકૃત નિર્માણ કરવામાં આવશે. તેમાં ડેપો ઉપરાંત વર્કશોપ કમ એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગ, સ્ટાફ ક્વાર્ટર્સ અને ઓપરેશન કંટ્રોલ સેન્ટર સહિતની વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે એટલે કે, મેટ્રોની દૈનિક કામગીરીને ટેકો આપતું એક સંપૂર્ણ માળખું શેલા નજીક તૈયાર કરવાની દિશામાં આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રેનોની જાળવણી કામથી માંડીને વહીવટ અને કર્મચારીઓની સુવિધા સુધીની એક જ સંકુલમાં વ્યવસ્થા ઊભી થશે

સામાન્ય રીતે મેટ્રો ડેપો એટલે ટ્રેનો ઊભી રાખવાની, સફાઈ કરવાની અને જરૂરી જાળવણી કરવાની જગ્યા એવી સમજ હોય છે પરંતુ શેલા ખાતે વિકસાવવામાં આવનારું સંકુલ તેનાથી વધુ વ્યાપક છે. આ આયોજનમાં સિવિલ અને સ્ટ્રક્ચરલ બાંધકામ ઉપરાંત વર્કશોપ, વહીવટી મકાન, કર્મચારીઓ માટેના ક્વાર્ટર્સ અને વિવિધ યાંત્રિક-વિદ્યુત સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી વ્યવસ્થાથી મેટ્રો ટ્રેનોની જાળવણી, ટેકનિકલ તપાસ, વહીવટી કામગીરી અને અન્ય સહાયક સેવાઓ માટે અલગ-અલગ સ્થળો પર નિર્ભરતા ઘટાડવાનો હેતુ સ્પષ્ટ થાય છે. ખાસ કરીને વર્કશોપ કમ એડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગનો સમાવેશ દર્શાવે છે કે ડેપો માત્ર ટ્રેનોના રોકાણ માટે નહીં, પરંતુ કામગીરી અને સંચાલન માટે પણ મહત્ત્વનું કેન્દ્ર બનશે.

આ સમગ્ર પ્રોજેક્ટમાં સિવિલ અને સ્ટ્રક્ચરલ કામો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ઉપલબ્ધ નાણાકીય વિગતો પ્રમાણે સિવિલ અને સ્ટ્રક્ચરલ કામોની બે શ્રેણીઓનો સંયુક્ત ખર્ચ આશરે ₹ 94.70 કરોડ થાય છે. તેમાં એક શ્રેણી હેઠળ ₹ 81.32 કરોડ અને બીજી શ્રેણી હેઠળ ₹ 13.38 કરોડની જોગવાઈ દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત આર્કિટેક્ચરલ ફિનિશિંગ માટે આશરે ₹ 14.19 કરોડનો ખર્ચ દર્શાવાયો છે. એટલે કે, ઇમારતોના બાંધકામની સાથે તેની અંદરની અને બહારની સુવિધાઓ, ફિનિશિંગ તથા ઉપયોગલક્ષી માળખા પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. ડેપોના ફ્લોર, સ્ટ્રક્ચરલ કામો અને અન્ય બાંધકામની સાથે વાહનો અને ભારે સાધનોની અવરજવર માટે જરૂરી વ્યવસ્થાઓ પણ આ વિકાસનો ભાગ છે.

વીજળીની વ્યવસ્થા પાછળ ₹ 31 કરોડથી વધુ ખર્ચ થશે

આ પ્રોજેક્ટનો બીજુ મહત્ત્વનું પાસુ વીજળી અને યાંત્રિક સુવિધાઓ છે. ડેપો સંકુલમાં વિવિધ મશીનરી, લાઇટિંગ, વીજ વિતરણ અને અન્ય સાધનો કાર્યરત રાખવા માટે વ્યાપક વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. વીજળીની વ્યવસ્થા માટે આશરે ₹ 30.96 કરોડની જોગવાઈ છે. આમાં વીજ વિતરણ પેનલ, વિવિધ પ્રકારનાં વીજ ઉપકરણો, કનેક્શન અને સંકળાયેલાં કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એરકન્ડિશનિંગ, હવાનું પરિભ્રમણ અને વિતરણ વ્યવસ્થા માટે આશરે ₹ 5.98 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બાંધકામ પૂરું થયા પછી પણ બે વર્ષ સુધી જાળવણીની જવાબદારી સોંપાશે

આ પ્રોજેક્ટમાં માત્ર બાંધકામ પૂરું કરવાની જ નહીં, પરંતુ તૈયાર થયેલી યાંત્રિક અને વિદ્યુત સુવિધાઓ કાર્યરત રહે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બિલ ઓફ ક્વોન્ટિટીમાં સમગ્ર ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ કામો માટે બે વર્ષના વ્યાપક વાર્ષિક જાળવણી કરારની અલગ જોગવાઈ છે. જાળવણી દરમિયાન કોઈ ખામીની જાણ થયા પછી 24 કલાકમાં તેનો ઉકેલ લાવવામાં નહીં આવે તો દરરોજ ₹ 15,000ના દંડની જોગવાઈ પણ વિગતવાર ખર્ચપત્રકમાં દર્શાવવામાં આવી છે.

સમગ્ર પ્રોજેક્ટ પર એક નજર

કામનો પ્રકાર	અંદાજિત રકમ
સિવિલ અને સ્ટ્રક્ચરલ કામો	₹ 94.70 કરોડ
આર્કિટેક્ચરલ ફિનિશિંગ	₹ 14.19 કરોડ
પાણી અને સેનિટરી કામો	₹ 7.37 કરોડ
વીજળીની વ્યવસ્થા	₹ 30.96 કરોડ
એરકન્ડિશનિંગ, એર ફ્લો	₹ 5.98 કરોડ
ફાયર એલાર્મ	₹ 1.72 કરોડ
ફાયર ફાઇટિંગ	₹ 4.96 કરોડ
કુલ અંદાજિત ખર્ચ	₹ 165.66 કરોડ

આગ સામે સુરક્ષા માટે પણ અલગ આયોજન

મેટ્રો ડેપો જેવા મોટા સંકુલમાં આગ સામેની સુરક્ષા અત્યંત મહત્ત્વની છે. અહીં વીજળીનાં ઉપકરણો, મશીનરી, વાહનો અને અન્ય સાધનોનો ઉપયોગ થતો હોવાથી આગની ઘટનાને ઝડપથી ઓળખવી અને તેના પર નિયંત્રણ મેળવવું જરૂરી બને છે. આ માટે પ્રોજેક્ટમાં બે અલગ વ્યવસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આગની જાણ કરતી વ્યવસ્થા માટે આશરે ₹1.72 કરોડ
- આગ બુઝાવવાની વ્યવસ્થા માટે આશરે ₹ 4.96 કરોડ
- આગની જાણ કરતી વ્યવસ્થામાં સ્મોક ડિટેક્ટર, ફાયર એલાર્મ પેનલ અને અન્ય ઉપકરણોનો સમાવેશ થાય છે. જ્યારે આગ બુઝાવવાની વ્યવસ્થામાં ફાયર ફાઇટિંગ સાધનો અને સંબંધિત માળખાનો સમાવેશ થાય છે.
- આગ લાગે ત્યાર પછીની કાર્યવાહી ઉપરાંત આગની શરૂઆતની જાણ થાય તે માટે પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

પાણી, ગટર અને સ્વચ્છતાની વ્યવસ્થા માટે ₹ 7.36 કરોડ

મોટા ડેપો સંકુલમાં પાણીનો પુરવઠો, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા અને પાણીના નિકાલની વ્યવસ્થા પણ એટલી જ મહત્ત્વની છે. આ માટે પ્લમ્બિંગ, હેલ્થ અને સેનિટરી સંબંધિત કામો પાછળ આશરે ₹ 7.37 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.